| GJJN110004012025 | | મળ્યા તારીખ | ૧૯/૦૭/ ૨૦૨૫ | | |
|---|---|---|---|---|---|
| | | રજીસ્ટરે નોંધ્યા તારીખ | ૧૯/૦૭/ ૨૦૨૫ | | |
| | | ફેસલ કર્યા તારીખ | ૦૧/૦૮/૨૦૨૬ | | |
| | | સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૧ | ૦૦ | ૧૩ |

**ભેસાણના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ–ભેસાણ.**

| **ફોજદારી કેસ નં. ૨૪૪/૨૦૨૫** |
|---|
| **આંક – ૩૪.** |

**ફરિયાદીઃ–** **રવજીભાઈ ઘુસાભાઈ ભડેલીયા,**
ઉ.વ.આ.૫૭, ધંધો–ખેતીકામ,
રહે.વિશળ હડમતીયા,તા.ભેસાણ,જી.જુનાગઢ.

વિ રૂ દ્ધ

**આરોપીઃ–** **નરશીભાઈ પ્રેમજીભાઈ ઉસદડ,**
ઉ.વ.આ.૫૫, ધંધો–વેપાર,
રહે.ભેસાણ,ઠે.જીન પ્લોટ,કિષ્ના પાર્ક,
કિષ્ના સ્કુલની બાજુમાં,ભેસાણ,
તા.ભેસાણ,જી.જુનાગઢ.

**ગુનોઃ–** ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબ.

| ફરીયાદી તરફે વિદ્વાન વકીલશ્રી | :– **શ્રી એસ.આર.ડોડીયા.** |
|---|---|
| આરોપી તરફે વિદ્વાન વકીલશ્રી | :– **શ્રી વી.વી.રાણવા.** |

**બાબત– ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબ**

## –: ચુકાદો :–

**ફરિયાદપક્ષની હકીકત**

(૧) સદર કામે ફરીયાદીએ તારીખ **૧૯/૦૭/૨૦૨૫** ના રોજ

Digitally signed by
KARIYA BHASKAR RAMESHBHAI
Reason: Judgment
at bhesan
on 01/08/2026 11:07:36 IST.

અત્રેની અદાલતમાં આરોપી **નરશીભાઈ પ્રેમજીભાઈ ઉસદડ** સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ–૧૩૮ હેઠળના ગુના સબબની એક ખાનગી ફરીયાદ રજુ કરેલ. જે ફરીયાદ સાથે ફરીયાદીએ દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ તથા સોંગદ ઉપર પુરાવો રજુ કરેલ. જે આધારે નામદાર કોર્ટ દ્વારા આરોપી સામે ધી નેગોશીયેબલ ઈનસ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ હેઠળ સંજ્ઞાન લેવાનો હુકમ કરેલ અને સદરહું ફરીયાદને ક્રિમીનલ કેસ નંબર– **૨૪૪/૨૦૨૫** થી ક્રિમીનલ રજીસ્ટરે લેવામાં આવેલ. સદરહું ગુનાં અંગે આરોપીને સમન્સ કરવામાં આવેલ અને તે રીતે સદર કામની ઈન્સાફી કાર્યવાહી ઉત્પન્ન થયેલ છે.

**(૧.૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત** એવી છે કે, ફરીયાદી ઉપર મુજબના સરનામે રહે છે અને તેમના સ્વતંત્ર નામે આશરે છ વિઘા ખેતીની જમીન ધરાવે છે. આ જમીનમાં ફરીયાદીએ તુવેરનું વાવેતર કરેલ હતું, જે તુવેરનું તેઓને વેંચાણ કરવાનું હતું, જેથી ભેસાણ ગામના વેપારી નરશીભાઈ પ્રેમજીભાઈ ઉસદડ તેમના ઘરે આવેલ અને આ બધી તુવેર રૂા. ૧૫૦૦/–(અંકે રૂપિયા એક હજાર પાંચસો પુરા)ના ભાવની તેઓના ગામના બધા ખેડૂતો પાસેથી ખરીદ કરેલ છે તેમજ જણાવેલ અને ફરીયાદીને પણ ૧ મણના રૂપિયા ૧,૫૦૦/–(અંકે રૂપિયા એક હજાર પાંચસો પુરા) લેખે જોખી લેઈશ. જેથી ફરીયાદીએ ૧૧૨.૫ મણ તુવેર રૂા.૧૫૦૦/–(અંકે રૂપિયા એક હજાર પાંચસો પુરા) લેખે કુલ રૂા.૧,૬૮,૭૫૦/–(અંકે રૂપિયા એક લાખ અડસઠ હજાર સાતસો પચાસ પુરા) માં આરોપીને વેચાણ કરેલ અને આરોપીએ તે પેટે એસ. બી.આઈ.ભેસાણ શાખાના ખાતા નં .૫૬૦૫૮૦૩૮૯૨૦ નો ચેક નં. ૯૧૩૦૮૦ વાળો ચેક રૂા.૧,૬૮,૭૫૦/–(અંકે રૂપિયા એક લાખ અડસઠ હજાર સાતસો પચાસ પુરા) નો તા.૦૫–૦૫–૨૦૨૫ નો ફરીયાદીને લખી આપેલ. અને ફરીયાદીને જણાવેલ કે,''સદર ચેક ફરીયાદી તેઓના ખાતામાં

જમા કરશે એટલે ફરીયાદીના પૈસા મળી જશે.''

**(૧.૨)** આથી ફરીયાદીએ આરોપીએ આપેલ સદર ચેક તા.૦૬–૦૫–૨૦૨૫ ના રોજ **એસ.બી.આઈ. રાણપુર શાખાના પોતાના ખાતા નં. ૩૩૯૬૦૫૮૮૭૭૬ માં નાખતાં, સદર ચેક તા.૦૬/૦૫/૨૦૨૫ ના રોજ"Funds Insufficient"ના શેરા સાથે રીટર્ન થયેલ**.જેથી ફરીયાદી એ આરોપીને ફોન ઉપર જાણ કરેલી અને ચેક મુજબની રકમ ચુકવવા માટે ફોન કરેલ, છતાં આરોપીએ પૈસા દેવા અંગે કોઈ દરકાર કરેલ નહીં. જેથી ફરીયાદીએ તેમના વકીલશ્રી મારફત તા.૦૫/૦૬/૨૦૨૫ ના રોજ આરોપીને પૈસા અંગે લેખીતમાં કાનુની નોટીસ આપેલ.જે નોટીસ "Not KNOWN"ના શેરા સાથે તા.૧૧/૦૬/૨૦૨૫ ના રોજ પરત ફરેલ અને આરોપીએ ફરીયાદીની ચેક મુજબની લેણી રકમ ફરીયાદી ને આપેલ નથી, જેથી ફરીયાદીને હાલની ફરીયાદ કરવા ફરજ પડેલ છે. તેમજ ધી નેગો.ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ ૧૩૮ ની જોગવાઈઓનો ભંગ કરેલ છે. જેની કડકમાં કડક સજા તથા વધુમાં વધુ દંડની જોગવાઈવાળો ગુનો આ કામના આરોપીએ કરેલો હોઈ સદર કામના આરોપી વિરૂધ્ધ કાયદેસર થવા ફરીયાદ કરેલ છે.

**(૨)..** આ કામે રેકર્ડ ધ્યાને લેતાં, ઉપરોકત ફરિયાદ આધારે અત્રેની કોર્ટે ફરિયાદ તથા ફરિયાદીના વેરીફીકેશન અને રજૂ દસ્તાવેજી પુરાવાને ધ્યાને લઈ આરોપી વિરૂદ્ધ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયેના ગુનાનું કોગ્નીઝન્સ લઈ સમન્સ ઈસ્યુ કરેલ. જે સમન્સ બજી જતાં આરોપી હાજર થતાં **આંક–૧૦ થી આરોપીની પ્લી લેવામાં આવેલ** જેમાં આરોપીએ ગુનો કબુલ ના કરતાં હાલની કાર્યવાહી સમન્સ કેસની કાર્યવાહી તરીકે આગળ ચલાવવામાં આવેલ છે.

**(૩)..**

**ફરિયાદપક્ષનો પુરાવો**

આ કામે ફરિયાદી પક્ષ દ્વારા નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે.

| (એ) **મૌખિક પુરાવોઃ–** | |
|---|---|
| ૧. | આંક–૦૬ થી ફરીયાદી રવજીભાઈ ઘુસાભાઈ ભડેલીયાની સોગંદ ઉપરની જુબાની. |

(બી) **દસ્તાવેજી પુરાવોઃ–**

| **ક્રમ** | **આંક** | **વિગત** | **તારીખ** |
|---|---|---|---|
| ૧. | ૧૮ | ફરીયાદીને આપેલ અસલ ચેક. | ૦૫/૦૫/૨૦૨૫. |
| ૨. | ૧૯ | અસલ રીર્ટન મેમો. | ૦૬/૦૫/૨૦૨૫. |
| ૩. | ૨૦ | આરોપીને આપેલ અસલ નોટીસ. | ૦૫/૦૬/૨૦૨૫. |
| ૪. | ૨૧ | પોસ્ટ ઓફિસની રજી.એ.ડી.ની સ્લીપની અસલ. | ૦૫/૦૬/૨૦૨૫. |
| ૫. | ૨૨ | નોટીસનું પરત ફરેલ અસલ કવર. | ૧૧/૦૬/૨૦૨૫. |
| ૬. | ૨૩ | ફરીયાદીના નામના ૭/૧૨ અને ૮/અ ની નકલો. | ૧૯/૦૭/૨૦૨૫. |
| ૭. | ૨૪ | ફરીયાદીના આધારકાડની ઝેરોક્ષ. | –– |

**(૩.૧)** સદર કામે ફરિયાદના કામે આરોપીની પ્લી રેકર્ડ કરેલ હોવા છતાં ફરિયાદીનું પુરાવાનું સોગંદનામું રજુ હોવા છતાં અને ફરિયાદી દ્વારા જે પુરાવો રજુ કરવામાં આવેલ છે તે તમામ પુરાવાઓની નકલ આરોપીએ મેળવેલ હોવા છતાં ફરિયાદીએ રજુ કરેલ પુરાવાઓનો ઈનકાર કરવા કે તે પુરાવાઓનું ખંડન કરવા હાજર રહેલ નથી, આ અનુસંધાને નામદાર ગુજરાત હાઈકોર્ટનો નીચે જણાવેલ ચુકાદો વંચાણે લીધો.

**<u>In Modern Denim Limited Thro Arun Triloknath Bhargava</u>**

**<u>vs. State of Gujarat, 2015 (3)GLH 668,</u>** the Hon‘ble Gujarat High Court issued slew of directions for immediate disposal of case under Section 138 of the NI Act. Also permit the court trying the case under NI ACT to obtain bail bond of the accused for his appearance. Relevant para is below:

"4. Court should direct the accused, when he appears to furnish a bail bond, to ensure his appearance during trial and ask him to take notice under Section 251 Cr.P.C. to enable him to enter his plea of defence and fix the case for defence evidence, **<u>unless an application is made by the accused under Section 145(2) for re-calling a witness for cross-examination</u>**."

હવે આરોપી દ્વારા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ 145(2) મુજબની તેઓ ફરિયાદીની ઉલટતપાસ કરવા માંગે છે તેવી કોઈ અરજી આપેલ નથી વધુમાં સદર કામનાં આરોપી સતત ગેરહાજર રહેતા હોય **આંક–૧૬** થી ફરિયાદી દ્વારા આરોપીનો ફરિયાદીની ઉલટતપાસ કરવાનો હક બંધ કરવાની અરજી આપવામાં આવેલ જે મારા પુરોગામી વિ.ન્યાયધીશ સાહેબશ્રીએ મંજુર કરીને ફરિયાદીની ઉલટતપાસ કરવાનો હક બંધ કરેલ છે. ત્યારબાદ **આંક–૨૫** થી ફરિયાદપક્ષે પોતાનો પુરાવો પુરો થયાની ક્લોઝીંગ પુરસીસ રજુ કરેલ છે. બાદ કેસ આરોપીનાં વિશેષ નિવેદન લેવા પર રાખવામાં આવેલ પરંતુ આરોપી કોર્ટ રૂબરૂ હાજર થયેલ નથી.આ સંજોગોમાં આરોપી ઈરાદાપૂર્વક કેસની કાર્યવાહી આગળ ચલાવવા માંગતા ન હોય તેવું માનવાને કારણ રહે છે.જેથી ફરીયાદીએ. **આંક–૨૭** થી આરોપીનો વિશેષ નિવેદનનો હકક બંધ કરવા માટે અરજી કરેલ હોય.જે સંબંધે કાયદાનો હેતુ ધ્યાને લઈ અત્રેની નામદાર કોર્ટ દવારા આરોપીનો વિશેષ નિવેદન આપવાનો હકક બંધ કરવાની ફરીયાદી તરફે કરવામાં આવેલ અરજી અનુસંધાને આરોપીનું વિશેષ નિવેદન રેકર્ડમાં સામેલ કરી કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ.

**(૪)બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ અન્વયે આરોપીનું વિશેષ નિવેદનઃ–**

સદર કામે **આંક–૨૭** થી આરોપીનો વિશેષ નિવેદનનો હકક બંધ કરવામાં આવેલ છે અને આ કામના ફરીયાદપક્ષ તરફથી **આંક–૨૫** થી કલોઝીંગ પુરશીસ રજુ થયેથી બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧(૧)(બી) અન્વયે આ કામના આરોપીનાં વિશેષ નિવેદન માટે કાર્યવાહી રાખવામાં આવ્યા બાદ આરોપીનાં વિશેષ નિવેદનને તૈયાર કરી રેકર્ડમાં રાખવામાં આવેલ છે પરંતુ આરોપી કે તેમનાં વિદ્ધાન વકીલશ્રી હાજર રહેલ નથી કે કોઈ ખુલાસો કરેલ નથી. A.I.R. 2012 Supreme Court 1357**"Ramnaresh & others Vs. State of Chhattisgadh"** નાં ચુકાદામાં મહેરબાન સુપ્રીમકોર્ટે પેરા–૨૨ માં ઠરાવેલ છે કે,......

It is a settled principle of law that the obligation to put material evidence to the accused under Section 313 Cr.P.C. is upon the Court. One of the main objects of recording of a statement under this provision of the Cr.P.C. is to give an opportunity to the accused to explain the circumstances appearing against him as well as to put forward his defence, if the accused so desires. **But once he does not avail this opportunity, then consequences in law must follow.** Where the accused takes benefit of this opportunity, then his statement made under Section 313 Cr.P.C., in so far as it supports the case of the prosecution, can be used against him for rendering conviction. Even under the latter, he faces the consequences in law.

સદર જજમેન્ટમાં સ્થાપિત સિધ્ધાંતનો આધાર લઈ આ કામે **આંક–૨૭** થી આરોપીનો વિશેષ નિવેદન આપવાનો હક્ક બંધ કરવાની ફરિયાદી તરફે કરવામાં આવેલ અરજી અનુસંધાને આરોપીનું વિશેષ નિવેદન રેકર્ડમાં સામેલ કરી કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

**(૪.૧)** આ તબકકે તાજેતરમાં **નામદાર બોમ્બે હાઈકોર્ટનો તા.21/01/2025 નો ચુકાદો Navneet singh Gogia & Another Versus State of Maharashtra & Another (2025:BHC-AS-3054) ધ્યાને લીધો. જે હાથ પરનાં કેસને સંપૂર્ણપણે લાગુ પડે છે.** જેમાં નામદાર બોમ્બે હાઈકોર્ટે ઠરાવેલ છે કે

**Trial for the offence under Section 138 of the Negotiable Instruments Act (NI Act) can proceed in the absence of the accused and without recording a statement under Section 313 CrPC,** if the accused or their

advocate has not been attending the trial or the accused has not sought for dispensing personal attendance.
The High Court referred to several Supreme Court (SC) and High Court judgements, in arriving at the decision that the Magistrate can proceed without the presence of the accused and recording of a statement under Section 313 CrPC for offence under Section 138 NI Act.

The High court arrived at such a view as the Honourable SC termed **Section 138 as a 'civil sheep' in a 'criminal wolf's' clothing' and observed that the provision as a 'quasi criminal proceeding' is meant to enforce a civil remedy,** in **P. Mohanraj & Ors. v Shah Brothers ISPAT Pvt. Ltd.**
**The High court says that since the proceedings under Section 138 of the Negotiable Instruments Act are quasi-criminal in nature, the mandatory recording of statement under Section 313 of the Code of Criminal Procedure (CrPC) is not applicable and the Magistrate is justified in proceeding without the accused if he has remained absent without any justification.**

**(૪.૨)** વધુમાં, નામદાર ગુજરાત હાઈકોર્ટનો **મનોજ વાસુદેવ સોમપુરા વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત સ્પે. ક્રિમીનલ એપ્લીકેશન નં.૬૭૨૧ ઓફ ૨૦૨૩** નો ચૂકાદો **2023(0) JX (GUJ) 795** ધ્યાને લેતાં સદર ચૂકાદામાં ઠરાવેલ છે કે, ટ્રાયલ કોર્ટ દ્વારા આરોપીને ઉલટતપાસ કરવાની પૂરતી તક આપવામાં આવેલ છે તથા સી.આર.પી.સી.ની કલમ–૩૧૩ મુજબનું વિશેષ નિવેદન કામમાં સામેલ રાખી તે નોંધવા માટે પૂરતી તક આપેલ છે ત્યારે આરોપી પક્ષે ફરિયાદીની ઉલટતપાસ નહિ કરવા તેમજ વિશેષ નિવેદન નહિ નોંધવા બાબતનો નિર્ણય સભાનતાપૂર્વક લીધેલ છે. જેથી તે સંજોગોમાં આરોપીની ઉલટતપાસનો હક્ક બંદ કરી તથા વિશેષ નિવેદન નોંધ્યા સિવાય આરોપીની ગેરહાજરીમાં ચૂકાદો આપવાનો નિર્ણય યોગ્ય ઠરાવેલ છે. સદર ચૂકાદાના પેરા ૧૪ માં જણાવ્યા મુજબ છે.

Para :- 14. Considering the facts and circumstances of the case, this Court is of the opinion that the trial Court was completely justified in passing the impugned judgment and order. The decision to not conduct cross-examination of the complainant in spite of repeated opportunities and to not remain present on the next date of trial when his Further Statement u/s. 313 of Cr.P.C. recorded on the earlier date was to be exhibited was a deliberate, intentional and conscious decision on the part of the petitioner. It was not that the petitioner was not aware about the stage of trial proceedings. However, deliberately, the petitioner had Chosen to remain absent from the trial proceedings from the date his Further Statement u/s. 313 of Cr.P.C. was recorded but before it could be exhibited.

(૪.૩) આમ, હાલના કામે રેકર્ડ મુજબ આરોપી શરૂઆતમાં હાજર થયેલ હોય, તેઓએ સદર કેસ માટે વકીલશ્રી પણ રોકેલ હોય અને તેઓની પ્લી નોંધ્યા બાદ હાજર રહેલ નથી. જેથી આરોપીને હાજર રહેવાની પૂરતી તક આપેલ હોવા છતાં તેઓ સભાન રીતે તેમજ ઈરાદાપૂર્વક ટ્રાયલ આગળ ચલાવવા માટે અત્રેની અદાલતમાં હાજર રહેલ નથી કે ઉલટતપાસ કરેલ નથી. જેથી ઉપરોક્ત ચુકાદાઓ ધ્યાને લેતાં આ કામે આરોપીની ઉલટતપાસનો હક બંધ કરવામાં આવેલ છે તથા વિશેષ નિવેદન રેકર્ડમાં સામેલ કરી કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

**(૫) ફરીયાદપક્ષ તરફેથી દલીલો–**

ફરીયાદપક્ષ તરફેથી વિદ્વાન વકીલશ્રીએ દલીલ કરતા જણાવેલ છે કે, હાલના રેકર્ડ પરના પુરાવાથી આરોપીએ એવું કોઇ પણ જગ્યાએ દર્શાવી શકેલ નથી કે સાબીત કરી શકેલ નથી કે તેમણે આ કહેવાતો ગુનો કરેલ નથી. વધુમાં ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ હેઠળ માત્ર એટલું જ જોવાનું છે કે, આરોપીએ આપેલ ચેક ઈનસફીસીયન્ટ ફંડના કારણે પરત ફરેલ છે કે કેમ અને એકટની કલમ–૧૧૮ તથા ૧૩૯ મુજબ પણ પ્રીઝમશન ફરીયાદીની તરફેઝણમાં થાય. ફરીયાદીએ માત્ર એટલું જ દર્શાવવાનું હોય કે આરોપીનો તકરારી ચેક પુરતું ભંડોળ ન હોવાના કારણે ઈનસીફીસીયન્ટ ફંડના કારણે પરત થયેલ છે. હાલની ફરીયાદમાં તેઓ ફરીયાદી તરફેથી એટલું સાબીત કરેલ છે કે, તેઓના બાકી નીકળતા લેણા પેટેના આ કામના આરોપીએ જે ચેક આપેલ છે તે ચેક પુરતુ નાણાં ભંડોળ ન હોવાના કારણે પરત થયેલ છે. જેથી તેઓ ફરીયાદી આ કામના આરોપી સામેનો કેસ પુરવાર કરવામાં સફળ રહેલ હોય આરોપીને કાયદા પ્રમાણે થતી સખ્ત સજા કરવા તેઓ ફરીયાદી દ્વારા નમ્ર અરજ કરી આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ શિક્ષા અને તેઓ ફરીયાદીને નુકશાન થયેલ ચેકની રકમનું વળતર આરોપી પાસેથી અપાવવા ફરીયાદીના વિદ્વાન વકીલશ્રી એ સદર મૌખીક દલીલો થકી નમ્ર અરજી ગુજારેલ છે.

આમ, આ કામના ફરીયાદી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ માં જણાવેલ ગુનાનાં તત્વો પુરવાર કરી શકેલ હોય તેમજ કાયદાનાં અનુમાનો તેમની તરફેણમાં હોય આરોપીને તકસીરવાન ઠરાવી કાયદાનો હેતુ ધ્યાને લઈ આર્થીક ગુનાનું પ્રમાણ વધતું જતું હોવાનાં કારણે સમાજમાં દાખલો બેસે તેવી ચેકની રકમ કરતાં બમણી રકમનો દંડ કરવાની તથા બે વર્ષની સાદી કેદની સજા કરવાની તથા દંડની રકમમાંથી ચેકની રકમનું વળતર અપાવવાની દલીલ કરી છે.

(૬) અત્રેની અદાલત સમક્ષ આરોપી **તા.૦૪/૦૮/૨૦૨૫ તારીખ** ના રોજ ઉપસ્થિત રહીને પોતાની સામેના આક્ષેપિત ગુનાની **પ્લી** રેકર્ડ **આંક–૧૦** થી કરાવેલ છે અને ત્યારબાદ આરોપી જાતે કે તેમના તરફેથી નિમાયેલ વિદ્વાન વકીલશ્રી દ્વારા ફરીયાદી દ્વારા આપેલ સોંગદ પરના પુરાવાને ઉલટ તપાસ થકી પડકારવા સબંધે મુદ્દત સમયે આરોપી ઉપસ્થિત રહેલ નથી. જ્યારે બચાવપક્ષે આરોપી કે તેમનાં વિદ્વાન વકીલશ્રીને દલીલ કરવાની તક આપવા છતાં હાજર ન હોય દલીલનો હકબંધ કરવામાં આવેલ છે અને ત્યારબાદ સદર કામના ફરીયાદી તરફેથી ઉપરોકત હકીકતો મુજબની મૌખીક દલીલો ધ્યાને લીધા બાદ સદર કામ આખરી ન્યાયીક નિર્ણય પર લેવામાં આવેલ છે.

**(૭)ન્યાયીક નિર્ણય માટેના મુદ્દા**

પ્રસ્તુત કામના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મહત્વના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**<u>–: મુદ્દા :–</u>**

૧) શું ફરિયાદપક્ષ એ હકીકત પુરવાર કરે છે કે આ કામના ફરીયાદીની કાયદેસરની લેણી નીકળતી રકમ પેટે આ કામના આરોપીએ ફરીયાદવાળો **ચેક નંબર–૯૧૩૦૮૦** વાળો **તારીખ ૦૫/૦૫/૨૦૨૫** ના રોજનો **રૂા.૧,૬૮,૭૫૦/–(અંકે રૂપિયા એક લાખ અડસઠ હજાર સાતસો પચાસ પુરા)** નો **એસ.બી.**

**આઈ.,ભેસાણ શાખાનો** ચેક આપેલ. જે ચેકની રકમ વસુલ મેળવવા ફરિયાદીએ સદર ચેક તેઓના ખાતામા ભરતા આરોપીના ખાતામા અપુરતા નાણાં ભંડોળના કારણે **"ઈનસફીસીયન્ટ ફંડસ"** ના શેરાથી વણચુકવાયેલ પરત ફરતા ફરીયાદીએ નિયત સમયમાં **તારીખ ૦૫/૦૬/૨૦૨૫** ના રોજ લીગલ નોટીસ આપેલ જે નોટીસ આરોપીને બજી જવા છતાં આરોપીએ રકમ નહી ચુકવી આપી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૩૮ અન્વયેનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨) શું હુકમ ?

(૮) ઉપરોક્ત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**મુદ્દા પરત્વેના ન્યાયીક નિર્ણયો**

**(૧) હકારમાં.**
**(૨) આખરી હુકમ અનુસાર**

(૯) ઉપરોક્ત મુદ્દાના નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ છે.

**–:: કારણો ::–**

**<u>મુદ્દા નંબર–૧</u>**

**(૧૦)**

**ફરીયાદ સમયમર્યાદા અને ફાઉન્ડેશનલ લેવલ ઓફ ફેક્ટસ::–**

હાલની ફરિયાદ અન્વયે **ચેક નંબર–૯૧૩૦૮૦** વાળો **તારીખ ૦૫/૦૫/૨૦૨૫** ના રોજનો આપેલ છે અને ફરિયાદીએ સદર ચેક બેંકમાં જમા કરાવતા સદર ચેક **તારીખ ૦૬/૦૫/૨૦૨૫** ના રોજ

**"ઈનસફીસીયન્ટ ફંડસ"** નાં શેરા સાથે વણચુકવાયેલ પરત ફરેલ છે જેથી **તારીખ ૦૫/૦૬/૨૦૨૫** નાં રોજ ફરીયાદી દ્વારા વિદ્વાન વકીલશ્રી મારફતે આરોપીને નોટીસ આપતા આરોપીને નોટીસ "Not "Not KNOWN" ના શેરા સાથે તા.૧૧/૦૬/૨૦૨૫ ના રોજ પરત ફરેલ (જેથી ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૧૪(એફ),જનરલ કલોઝીસ એકટની કલમ–૨૭ તેમજ નોટીસ અન્વયેનાં નામદાર વડીઅદાલત અને સર્વોચ્ચ અદાલતનાં ચુકાદાને ધ્યાને રાખી નોટીસ સાચા સરનામે મોકલી હોવાથી તે બજી ગયેલ હોવાનું અનુમાન કોર્ટે કરેલ છે.) ત્યારબાદથી દિન–૧૫ માં નાણાની ચુકવણી ન થતાં તારીખ ૧૯/૦૭/૨૦૨૫ ના રોજ હાલની ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે એટલે કે, ફરીયાદ સમયમર્યાદામાં છે અને **ફરીયાદી કેસની ફાઉન્ડેશનલ ફેકટસ પુરવાર કરી શકેલા છે જેથી કાયદાકીય અનુમાનો ફરિયાદીની તરફેણમાં ઉત્પન્ન થાય છે.**

**(૧૧)**

**ફરીયાદપક્ષનો પુરાવો ::–**

એ પ્રસ્થાપિત હકીકત છે કે, ચેક એ વિનમય પત્ર છે અને વિનિમયપત્ર અન્વયે વટાવ અધિનિયમની કલમ–૧૧૮ મુજબ જો વિરૂદ્ધનું પુરવાર કરવામાં ન આવે તો અવેજ, તારીખ, સ્વિકારવાનો સમય, તબદીલીનો સમય, શેરાઓના ક્રમ અને તેના ધારણ કરતા તેના કાયદેસરના ક્રમીક ધારણ કરતા હોવા અંગે કાનુની અનુમાન ધારણ કરવામાં આવશે તેવી જ રીતે વટાવ અધિનચિમની કલમ–૧૩૯ વંચાણે લેતા તેમાં પણ જયાં સુધી વિપરીત પુરવાર કરવામાં ન આવે, ત્યાં સુધી એવું અનુમાન કરવામાં આવશે કે, ચેકના ધારકે કલમ–૧૩૯ માં જણાવેલ ચેક, કોઇ દેવું અથવા અન્ય જવાબદારીને પુરેપુરી રીતે અથવા અંશત:બોજ મુકત થવા માટે મેળવ્યો હતો. આમ, કલમ–૧૩૯ ની જોગવાઇઓ જોતા ધારકની તરફેણમાં અનુમાન

કરવાની જોગવાઇ સદર કલમમાં કરવામાં આવેલ હોવાનું ફલીત થાય છે. એવી જ રીતે વટાવ અધિનિયમની કલમ–ર૦ મુજબ જો કોઇ વ્યકિત વિનીમય પત્ર ઉપર સહી કરી અન્યને આપે અને તે સંપૂર્ણ ક્રોસ હોય કે અપૂર્ણ વિગતવાળો હોય તો તેવી આપનાર વ્યકિત પ્રથમદર્શનીય રીતે અન્ય વ્યકિતને એવી સત્તા હસ્તાંતર કરે છે કે, તેમાંની અપૂર્ણ વિગત અથવા અન્ય જરૂરી ભરવાની વિગત તેણે સંપૂર્ણ કરી લઇ વિનીમયપત્ર ઉપયોગમાં લેવાનો છે. આમ, ઉપરોકત નોંધેલ કલમ–૧૧૮, ૧૩૯, અને ર૦ અન્વયે ઉપરોકત કાનુની અનુમાન અને ધારણ હાથ પરના કેસમાં, ફરીયાદી વિનીમય પત્ર ધારણ કરતા હોવાનું માનવાને કારણ રહે છે. એ ખરૂ છે કે, કાનુની અનુમાન અને ધારણા ખંડનીય પ્રકારની છે અને જો વિરૂદ્ધનું પુરવાર કરવામાં આવે તો તેનું કાનૂની મુલ્ય રહેતું નથી. આમ, વિરૂદ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી એવું અનુમાન કરવામાં આવશે કે ચેક ધારણ કરનાર તે ચેક કલમ–૧૩૮ માં દર્શાવ્યા મુજબ તેના કોઇ દેવાના અન્ય જવાબદારીના અથવા પુરેપુરા તેના ભાગમાંથી કોઇ બોજા મુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે, વણચુકવેલો પરત થયેલો ચેક હાલનું કાયદેસરનું દેવું કે જવાબદારી અદા કરવા માટે આપવામાં આવેલ હતો તેવું અનુમાન કરવાનમાં આવશે. આનાથી વિરૂદ્ધ પુરવાર કરવાનો બોજો યાને કે પરત આવેલ વણચુકવાયેલ ચેક કાયદેસરની જવાબદારી કે દેવા પેટે ન હતો તે પુરવાર કરવાનો બોજો તે ચેક લખી આપનાર પર રહેલ છે. આમ, કલમ–૧૧૮ અને ૧૩૯ ના અનુમાન એ કાયદાના અનુમાનો છે જે ચોક્કસ અનુમાનો અને આરોપી તરફથી જયાં સુધી વિરૂદ્ધનું પુરવાર ન થાય ત્યાં સુધી એ ખંડીત થતા નથી. આ કામે નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા એ સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, આરોપીએ જેવા શંકાથી પર ચુસ્ત પુરાવો આપવા માટે આરોપીએ સાક્ષીના પાંજરામાં પણ આવવાની પણ જરૂર રહેતી નથી. એટલે કે, અનુમાનનું ખંડન આરોપી, ફરીયાદપક્ષ દ્વારા જે પુરાવો રજુ કરેલો છે તેના દ્વારા પણ કરી શકે છે અને આરોપી દ્વારા શંકા ઉત્પન્ન કરતો કે શકય પુરાવો આપવો જરૂરી છે. જો તહોમતદાર કોર્ટને સ્વિકાર્ય થાય તેવો સંભવીત બચાવ રજુ કરે અર્થાત પ્રત્યક્ષ પુરાવાથી અથવા ઉલટ તપાસના માધ્યમથી એવી

હકીકત રેકર્ડ ઉપર લાવે કે જેનાથી તહોમતદારનો બચાવ સંલગ્ન કે તેવું કોર્ટ માનતા પ્રેરાય તો વટાવ ખત અધિનયમની કલમ–૧૧૮, ૧૩૯ ના અનુમાનના આધારે તહોમતદાર પર રહેલ પુરાવાનો બોજો ફરીયાદી પર ખસે છે.

**(૧૧.૧)** આ કામનાં **ફરીયાદી રવજીભાઈ ઘુસાભાઈ ભડેલીયાનાઓએ આંક–૦૬ થી** રજુ પોતાનાં સર તપાસના સોંગદનામામાં ફરીયાદમાં જણાવેલ હકીકતનુ પુનરાવર્તન કરી રજુ દસ્તાવેજી પુરાવાને આંકે પાડવા અરજ ગુજારેલ છે.

**(૧૨) કાયદાકીય જોગવાઇઓ–**

**(૧૨.૧) નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો ધ્યાને લીધો જેમાં In Gimpex Private Limited vs. Manoj Goel, (2022) 11 SCC 705** this Court has unpacked the ingredients forming the basis of the offence under Section 138 of the NI Act in the following structure:

**(i)** The drawing of a cheque by person on do account maintained by him with the banker for the payment of any amount of money to another from that account;

**(ii)** The cheque being drawn for the discharge in whole or in part of any debt or other liability;

**(iii)** Presentation of the cheque to the bank arranged to be paid from that account,

**(iv)** The return of the cheque by the drawee bank as unpaid either because the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount

**(v)** A notice by the payee or the holder in due course making a demand for the payment of the amount to the drawer of the cheque **within 30 days of the receipt of information from the bank in regard to the return of the cheque;** and

**(vi)** The drawer of the cheque failing to make payment of the amount of money to the payee or the holder in due course **within 15 days of the receipt of the notice.**

**(૧૨.૨)** Hon'ble Supreme Court has mentioned in the Judgment of **Jugesh Sehgal v. Shamsher Singh Gogi, (2009) 14 SCC 683,**

that following essential ingredients are required to be fulfilled to constitute an offence under section 138 of the Act.“ It is manifest that

to constitute an offence under section 138 of the Act, the following ingredients are required to be fulfilled:

**(i)** a person must have drawn a cheque on an account maintained by him in a bank for payment of a certain amount of money to another person from out of that account;

**(ii)** The cheque should have been issued for the discharge, in whole or in part, of any debt or other liability.

**(iii)** that cheque has been presented to the bank within a period of six months(now three months) from the date on which it is drawn or within the period of its validity whichever is earlier;

**(iv)** that cheque is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of the account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with the bank;

**(v)** the payee or the holder in due course of the cheque makes a demand for the payment of the said amount of money by giving a notice in writing, to the drawer of the cheque, within 30 days of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid;

**(vi)** the drawer of such cheque fails to make payment of the said amount of money to the payee or the holder in due course of the cheque within 15 days of the receipt of the said notice;

Being cumulative, it is only when all the aforementioned ingredients are satisfied that the person who had drawn the cheque can be deemed to have committed an offence under section 138 of the Act."

ઉપરોક્ત કેસમાં ચર્ચા કર્યા મુજબનાં જરુરી તત્વો સંતોષાય ત્યારે ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો બને. હવે, સબંધીત કાયદાની કલમ વંચાણે લીધી.

**<u>Sec.138.- Dishonor of cheque for insufficiency, etc.,of funds in the accounts-</u>**

Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provision of this Act, be punished with imprisonment for [a term which may be extended to two years], or with fine which may extend to twice the amount of the cheque, or with both:

PROVIDED that nothing contained in this section shall apply unless-

**(a)** the cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity, whichever is earlier.

**(b)** the payee or the holder in due course of the cheque, as the case may be, makes a demand for the payment of the said amount of money by giving a notice in writing, to the drawer of the cheque, [within thirty days] of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid; and

**(c)** the drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee or, as the case may be, to the holder in due course of the cheque, within fifteen days of the receipt of the said notice.

આમ, ઉપર ચર્ચા કરેલ ચુકાદો અને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૮ નો ગુન્હો જોઈએ તો તેના તત્વો નીચે મુજબ છે:–

(૧) કોઈ કાયદેસરના દેવા કે અન્ય જવાબદારી અદા કરવા ચેક આપવામાં આવેલો હોવો જોઈએ.

(૨) ચેક લખનાર વ્યકિતના ખાતામાં અપુરતા નાણાં ભંડોળના કારણે ચેકનો અનાદર થયેલ હોવો જોઈએ.

(૩) ચેક લખ્યા તારીખથી છ માસ (હવે ત્રણ માસ) ની સમયમર્યાદામાં કલીયર થવા માટે બેંકમાં રજુ થયેલ હોવો જોઈએ.

(૪) ચેકનો અનાદર થયા બાદ બેંકની માહિતી મળ્યાના ૩૦ દિવસની અંદર ચેક લખનારને ડીમાન્ટ નોટીસ આપીને ચેકમાંની રકમની માંગણી કરેલ હોવી જોઈએ.

(૫) નોટીસ મળ્યાના પંદર દિવસમાં આરોપી રકમ ચુકવવામાં નિષ્ફળ ગયેલ હોવો જોઈએ.

(૬) દેવું કે જવાબદારી કાયદેસર રીતે અમલ કરાવી શકાય તેવી હોવી જોઈએ.

આમ, ઉપરોકત તમામ તત્વો સાબિત કરવામાં ફરિયાદપક્ષ સફળ થાય તો જ ફરિયાદીની તરફેણમાં નીચે જણાવેલા કાયદાકીય

અનુમાનો ઉપસ્થીત થાય અને ધી નેગો.ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયે આરોપીને દોષિત ઠરાવી શકાય.

## Sec.139. Presumption in favour of holder

**<u>It shall be presumed, unless the contrary is proved</u>** that the holder of a cheque received the cheque of the nature referred to in Section 138 for the discharge, in whole or in part, or any debt or other liability.

વધુમાં એકટની કલમ–૧૧૮ અન્વયે પણ ફરીયાદીની તરફેણમાં અનુમાન ઉપસ્થિત થાય છે તે નીચે મુજબ છે. :–

Chapter XIII of The Negotiable Instrument Act-

Special Rules Of Evidence

**Section- 118. Presumptions as to negotiable instruments Until the contrary is proved, the following presumption shall be made**

**(a) <u>of consideration</u>**- that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, endorsed, negotiated or transferred, was accepted, endorsed, negotiated or transferred for consideration;

**(b) <u>as to date</u>**- that every negotiable instrument bearing a date was made or drawn on such date;

**(c) <u>as to time of acceptance</u>**- that every accepted bill of exchange was accepted within a reasonable time after its date and before its maturity;

**(d) <u>as to time of transfer</u>**- that every transfer of a negotiable instrument was made before its maturity;

**(e) <u>as to order of endorsements</u>**- that the endorsements appearing upon a negotiable instrument were made in the order in which they appear thereon;

**(f) <u>as to stamps</u>**- that a lost promissory note, bill of exchange or cheque was duly stamped;

**(g) <u>that holder is a holder in due course</u>**- that the holder of a negotiable instrument is a holder in due course; provided that, where the instrument has been contained from its lawful owner, or from any person in lawful custody thereof, by means of an offence or fraud, or has been obtained from the maker or acceptor thereof by means of an offence or fraud, or for unlawful consideration, the burden of proving that the holder is a holder in due course lies upon him.

**<u>Sec.142. Cognizance of offences-</u>** Notwithstanding anything contained in the Code of Criminal Procedure,1973(2 of 1974)

**(a)** No court shall take cognizance of any offence punishable under Section-138 **except upon a complaint, in writing, made by the payee** or, as the case may be, the holder in due course of the cheque;

**(b)** Such complaint is made within one month of the date on which the cause of action arises under clause(c) of the proviso to S.138 ; (Provided that the cognizance of a complaint may be taken by the Court after the prescribed period, if the complainant satisfies the Court that he had sufficient cause for not making a complaint within such period)

આમ, આ કામે ઉપર ચર્ચા કરી છે તે મુજબ એકટની કલમ– ૧૩૮ અને ૧૪૨ માં ઠરાવેલ ફરજીયાત જોગવાઈઓનું ફરીયાદપક્ષ ચુસ્તપણે પાલન કરી શકયો છે તેવું જણાય છે. **<u>તેવા સંજોગોમાં ફરીયાદપક્ષની તરફેણમાં ૧૩૯ તથા ૧૧૮ મુજબ અનુમાન ઉપસ્થિત થાય છે તે રીતે ફરીયાદીનું, આરોપી તરફ કાયદેસરનં લેણુ છે તેવું માનવાને કારણ રહે છે.</u>** ફરીયાદીની તરફેણમાં ઉપર મુજબનું અનુમાન ઉપસ્થિત થતુ તેવા સંજોગોમાં બચાવપક્ષ તરફે ભારતીય પુરાવા અધિ.ની કલમ– ૧૦૨ મુજબ ખંડનાત્મક પુરાવો આપવાની જવાબદારી આવે છે, તેવી જ રીતે હવે એ ચકાસવુ જરૂરી થઈ પડે છે કે **શું બચાવપક્ષે ફરીયાદપક્ષની તરફેણમાં ઉપસ્થિત થયેલ કાયદાકીય અનુમાન અન્વયે ખંડનાત્મક પુરાવો રજુ કરેલો છે? કે શક્યતાની પ્રબળતાનાં સિધ્ધાંતને આધારે પણ ફરિયાદીની તરફેણમાં ઉત્પન્ન થયેલા કાયદાકીય અનુમાનોનું ખંડન કરેલ છે ? જવાબ નકારમાં.** સદર કામે આરોપી પ્લી રેકર્ડ થયા પછી કેસનાં દરેક તબક્કે તેઓની ઉપર કેસ ચાલતો હોવાનું જાણતા હોવા છતા ઈરાદાપૂર્વક ગેરહાજર રહેલ છે અને

ફરિયાદપક્ષની તરફેણમાં ઉભા થયેલ અનુમાનોનું ખંડન થાય તેવો કોઇ બચાવ લેવામાં આવેલ નથી.

## (૧૩)ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન આરોપી (બચાવપક્ષ)ની વર્તણુક–

જ્યારે એક વખત આરોપીને પોતાની સામે કેસ ચાલે છે તેની જાણ હોય ત્યારે નામદાર અદાલત સમક્ષ હાજર થવાની તેઓની પવિત્ર ફરજ છે.સદર કેસ જુનો છે અને કેસનું રેકર્ડ અને પ્રોસીડીંગ્ઝ જોવામાં આવે તો પ્લી રેકર્ડ થયા પછી આરોપી તેઓની ઉપર કેસ ચાલતો હોવાનું જાણવા છતાં ઈરાદાપૂર્વક અદાલત સમક્ષ હાજર રહેલ નથી. રેકર્ડમાં આરોપીએ સતત ઈન્સાફી કાર્યવાહી વિલંબમાં નાખવાનાં અને ખોરંભે ચઢાવવાનાં પ્રયત્નો કરેલ હોવાનું જણાય છે કેસનાં દરેક તબક્કે ઈરાદાપૂર્વક જાણીજોઈને ગેરહાજર રહેલ છે અને ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની કોઈજ તજવીજ હાથ ધરેલ નથી.આમ મજકુર આરોપી નામદાર કોર્ટમાં હાજર રહેલ નથી કે પોતાનો બચાવ કરવાની તક જીવંત રાખવા માટે કોઈ અરજી આપેલ નથી કે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.આ સંજોગોમાં નામદાર અદાલત સમક્ષ ન્યાય મેળવવા માટે આવનાર ફરિયાદીનો ન્યાયતંત્રમાં વિશ્વાસ ટકી રહે અને ગુનાનો ભોગ બનનારને ન્યાય મેળવવા માટે વલખા ન મારવા પડે તેવા શુભઆશય સાથે આરોપીની ગેરહાજરીમાં ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવીને ચુકાદો જાહેર કરવામાં આવેલ છે.

## (૧૪) પુરાવાનું મુલ્યાંકન :–

**(૧૪.૧)** સૌ પ્રથમ નામદાર સર્વોચ્ચ અદાલતનો તાજેતરનો નીચે જણાવેલ ચૂકાદો ધ્યાને લીધો. જેમાં જણાવેલ છે કે**, <u>Rajesh Jain Versus Ajay Singh Criminal Appeal No. .. of 2023, 2023 (10) SCC 148</u>**

> Para 47. The accused has neither replied to the demand notice nor has led any rebuttal evidence in support of his case....
>
> Para 55. ...**Once the presumption under Section 139 was given effect to, the Courts ought to have proceeded on the premise that the cheque was, indeed, issued in discharge of a**

**debt/liability.** The entire focus would then necessarily have to shift on the case set up by the accused, since the activation of the presumption has the effect of shifting the evidential burden on the accused. ***The nature of inquiry would then be to see whether the accused has discharged his onus of rebutting the presumption. If he fails to do so, the Court can straightaway proceed to convict him, subject to satisfaction of the other ingredients of Section 138.*** If the Court finds that the evidential burden placed on the accused has been discharged, the complainant would be expected to prove the said fact independently, without taking aid of the presumption. The Court would then take an overall view based on the evidence on record and decide accordingly.

Para 56. At the stage when the courts concluded that the signature had been admitted, the Court ought to have inquired into either of the two questions *(depending on the method in which accused has chosen to rebut the presumption)*: Has the accused led any defense evidence to prove and conclusively establish that there existed no debt/liability at the time of issuance of cheque? In the absence of rebuttal evidence being led the inquiry would entail: Has the accused proved the nonexistence of debt/liability by a preponderance of probabilities by referring to the *'particular circumstances of the case'*?

